આજે અખાત્રીજ : ખેડૂતો વાવણી માટે ખેતરો ખેડશે

દોઢ દાયકા પછી સરકાર આચારસંહિતાના ગ્રહણને કારણે કૃષિ મહોત્સવની ઉજવણી નહિ કરે

ગાંધીનગર, તા. ૬

આજે અખાત્રીજનો દિવસ એટલે વણજોયુ મુહૂર્ત ગણાય છે. ખેડૂતો આ દિવસે ખરીફ વાવણી માટે ખેતરો ખેડી અને વરાપ માટે તૈયાર કરતા હોય છે જેથી ચોમાસાના આરંભે જ વાવણીનો પ્રારંભ થઈ જાય.

ગરમીથી ખેતરોને તપાવવા પડે છે તો પહેલીવાર ૧॥ દાયકા પછી ગુજરાતમાં કૃષિ મહોત્સવ જે સરકારના કૃષિ વિભાગ દ્વારા ઉજવવામાં આવતો હતો તે ચૂંટણીની આચારસંહિતાના પગલે ઉજવાશે નહિ.

સરકારે જો કે કૃષિ મહોત્સવને લઈ તેના રૂપ અને અમલવારીમાં ભારે બદલાવ કર્યા છે. હવે કૃષિ વિજ્ઞાનીઓ અને ખેડૂતો સાથે સંવાદ જ યોજવામાં આવે છે. એ પણ જિલ્લાકક્ષાનો. કૃષિ મહોત્સવ પાછળ લાખો રૂ.ના થતા ખર્ચમાં આ વખતે રાહત મળશે.

સરકાર દ્વારા ચૂંટણીની આદર્શ આચારસંહિતા અમલમાં છે એટલે કૃષિ મહોત્સવ યોજાશે નહિ તો ખેડૂતો પણ ગયા વર્ના ચોમાસાની નિષ્ફળતાને પગલે આ વખતે વાવણી કરવાની બહુ ઉતાવળમાં હોય તેવુ લાગતુ નથી.

ઉનાળુ વાવેતર જે કરાયુ છે તેને બચાવવાની ચિંતામાં અત્યારે ખેડૂત અટવાયો છે. ગરમીનો પ્રકોપ સતત ચાલુ રહ્યો છે અને સિંચાઈ માટે પાણીની માંગ સતત વધી રહી છે. સરકારે સિંચાઈ માટે પાણી નહિ આપવાની જાહેરાત કરી દીધી છે. તો બીજી તરફ ગ્રામ્ય વિસ્તારમાં સ્થાનિક સ્ત્રોત જે સિંચાઈના હતા તે સુકાઈ રહ્યા છે અથવા તો ભૂગર્ભ જળ ઊંડા જતા ખેડૂતો પારાવાર મુશ્કેલી અનુભવી રહ્યા છે. વીજપુરવઠો પણ પુરતા પ્રમાણમાં મળતો નથી.

દરમ્યાન જિલ્લામાં કૃષિ સન્માન નિધિનો બીજો હપ્તો જિલ્લાના ખેડૂતોને આપવા માટે આવી ગયો છે અને તંત્ર દ્વારા તે અંગેની ચુકવણીની કામગીરી હાલ ગતિમાં છે.

ઘ-૨ વિસ્તારમાં દબાણતંત્રની ટીમ ત્રાટકી

૪૦ ઝુંપડા-ગલ્લા દુર કરાયા : શહેરના રહેણાંક વિસ્તારમાં પણ ઝંપડાના દબાણોની સંખ્યા વધી રહી છે

ગાંધીનગર તા ૬

શહેરમાં આજે લારી ગલ્લા તેમજ ઝુંપડાના દબાણો દુર કરવા માટે દબાણતંત્રની ટીમ ત્રાટકી હતી. દબાણતંત્રની ટીમે શહેરના ઘ-૨ વિસ્તારમાંથી લારી ગલ્લા તેમજ ઝુંપડાના ૪૦ જેટલા દબાણો દુર કરાયા હતા. ઘ-૨ પાસેના કડીયા નાકાને અન્ય ખસેડવાની કામગીરી પણ નવા સેકટરોમાં ટોક ઓફ ધ ટાઉન બની હતી.

શહેરમાં ઘ- ૨ વિસ્તારમાં આજે દબાણ હટાવ ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી. ઘ-૨ વિસ્તારમાં છેલ્લા કેટલાક સમયથી દબાણોની સંખ્યા વધતી ગઈ છે. જયારે સેકટરોમાં ઝુંપડાના દબાણો પણ વધી રહ્યા છે. સ્માર્ટ સીટી બનવા તરફ આગળ વધતા ગાંધીનગરમાં દબાણ અને તેને આનુસંગિક ગંદકીની સમસ્યાએ હદ ઓળંગી છે. ત્યારે કાર્પોરેશનના તંત્ર દ્વારા સમયાંતરે દબાણ હટાવ ઝુંબેશ હાથ ધરવામાં આવે છે. પરંતુ સમય જતા આ જ દબાણો યથાસ્થાને ગોઠવાઈ જાય છે. શહેરના વન આરક્ષિત વિસ્તારમાં પણ હજુ ઝુંપડાના દબાણો જોવા મળી રહ્યા છે. સેકટરોમાં રહેણાંકના મકાનોને અડીને પણ ઝુંપડાવાસીઓએ દેરો નાંખ્યો છે. જેના લીધે સ્થાનિકોને પણ હાલાકી વેઠવાનો વારો આવ્યો છે. આજે શહેરમાં દબાણતંત્રની ટીમ ઘ-૨ વિસ્તારમાં ત્રાટકી હતી. આ દરમિયાન તંત્રએ ૪૦ જેટલા દબાણો દુર કર્યા હતા. આ વિસ્તારમાં લાંબા સમયથી ઉદભવેલા ઝુંપડાના દબાણો પણ દુર કરાયા હતા. તંત્રએ ૩૦ જેટલા ઝુંપડાઓ દુર કર્યા હતા. જયારે આ વિસ્તારમાં વોક વે ને અડીને અડીંગો જમાવી બેઠેલા લારી ગલ્લા પણ દુર કરયા હતા. દબાણ હટાવ ઝુંબેશ દરમિયાન ૧૦ જેટલા લારી ગલ્લાના દબાણો દુર કરાયા હતા. હજુ પણ આગામી દિવસોમાં શહેરમાંથી દબાણો દુર કરવાનુ અભિયાન ચાલુ રહેશે. વન આરક્ષિત વિસ્તારમાં પણ વનતંત્રએ દબાણો દુર કરવા માટે જરૂરી કાર્યવાહી હાથ ધરવાની અનિવાર્યતા હોવાનો સુર ઉઠવા પામ્યો છે.

આગામી મહીનામાં નવા સેકટરોમાં માર્ગ સુધારણાનુ કામ હાથ ધરાશે

શહેરના સે-૬ થી ૮ માં રીંગ રોડ બાદ આંતરિક માર્ગોની કામગીરી પણ હાથ ધરાશે

ગાંધીનગર તા ૬

શહેરમાં માર્ગ સુધારણા અન્વયે હજુ પણ સેકટરોના આંતરિક માર્ગોનુ ઠેકાણુ પડયુ નથી. સે-૧ થી ૫ માં અગાઉ માર્ગોની કામગીરીના અંતે લાંબા સમય બાદ સે- ૬ થી ૮ માં રીંગ રોડની કામગીરી પણ પુર્ણ કરી દેવામાં આવી છે. પરંતુ આ સેકટરોમાં આંતરિક માર્ગો ઉબડ ખાબડ બની રહ્યા છે. ત્યારે આગામી દિવસોમાં અંદાજિત રૂ ૫ કરોડના ખર્ચે આંતરિક માર્ગોની સુધારણાનુ કામ હાથ ધરાશે. આ ઉપરાંત ક તેમજ ગ માર્ગની કામગીરી હાથ ધરવા માટે પણ આયોજન કરાશે.

● અનુસંધાન પાના - ૭ પર

સેક્ટર-૭માં આંતરિક માર્ગોના ગાબડા પુરવા માટે થાગડ થીગડ

શહેરમાં એકબાજુ નવા સેકટરોમાં આંતરિક માર્ગોની સુધારણાનુ કામ હાથ ધરવા માટે આયોજન કરવામાં આવ્યુ છે. જયારે બીજીતરફ અન્ય સેકટરોમાં માર્ગ સુધારણાની દરખાસ્ત લાંબા સમયથી વિભાગ કક્ષાએ પેન્ડીંગ છે .ત્યારે જુના સેકટરોમાં પણ માર્ગ સુધારણાનુ કામ ઝડપથી હાથ ધરાય તેવી પ્રબળ માંગ ઉઠવા પામી છે. શહેરના સે-૭ માં છેલ્લા એક દાયકાથી આંતરિક માર્ગોના કામનુ ઠેકાણુ પડ્યુ નથી. જેના લીધે સેકટરોના આંતરિક માર્ગો પર ઠેર ઠેર મોટામસ ગાબડા અસ્તિત્વમાં આવ્યા છે. જેના લીધે સ્થાનિક રહીશો પણ ત્રાહીમામ પોકારી ગયા છે. બીજીતરફ રાત્રિના સમયે માર્ગ સલામતી પણ જોખમાય તેવી સ્થિતિ સર્જાઈ છે. જેને ધ્યાને લઈને તંત્ર દ્વારા સેકટરોના આંતરિક માર્ગોને થાગડ થીગડ કરવાનુ શરૂ કર્યુ છે. તંત્ર દ્વારા આંતરિક માર્ગોને થીગડા મારીને ગાબડા પુરવામાં આવી રહ્યા છે. ત્યારે આગામી દિવસોમાં માર્ગ સુધારણાની કામગીરી હાથ ધરાય તેવી પણ પ્રબળ માંગ ઉઠવા પામી છે.

આજથી રમઝાન માસનો પ્રારંભ

ઉનાળામાં ૧૫ કલાકના લાંબા રોઝા : તરાવીહની ખાસ નમાઝ અદા કરાશે : ગરીબો અને જરૂરીયાતમંદોને દાન અપાશે

ગાંધીનગર, તા. ૬

આવતીકાલ મંગળવારથી પવિત્ર રમઝાન માસનો પ્રારંભ થઈ રહ્યો છે. સળંગ એક મહિના સુધી મુસ્લિમ બિરાદરો અન્ન-જળનો ત્યાગ કરી રોઝા કરશે. ઉનાળો હોવાથી સળંગ ૧૫ કલાકના રોઝા થશે.

રવિવારે મગરીબની નમાઝ બાદ માહે શાબાન-૨૯ના રોજ રમઝાન માસનો ચાંદ દેખાયો ન હતો. જેથી મંગળવારથી પવિત્ર રમઝાન માસનો પ્રારંભ થશે. આ વર્ષે પણ ગત વર્ષની જેમ સૌથી લાંબા રોઝા આવશે. એટલે કે ૧૫ કલાકના રોઝા રહેશે. અગાઉ વર્ષ-૨૦૧૫માં પ્રથમ રોઝા ૧૫ કલાક અને ૧૦ મી. લાંબા હતા. વર્ષ ૨૦૧૬માં તે ૧૫ કલાક ૨૦ મીનીટ સુધી રહ્યા હતા. આ વર્ષે પણ ઉનાળાનો સમયગાળો ચાલતો હોઈ દિવસ લાંબો છે જેના કારણે રોઝાનો સમય વધુ રહેશે. રોઝા સવારે સૂર્યોદય થાય તે પહેલા શરૂ થાય છે અને સૂર્યાસ્ત બાદ તે પૂર્ણ થાય છે. ઉનાળામાં સૂર્યોદય વહેલો થાય છે અને સૂર્યાસ્ત મોડો થતો હોવાથી રોઝાની લંબાઈ વધે છે. મુસ્લિમ બિરાદરો માટે રમઝાન માસનુ ખાસ મહત્વ છે. આ માસમાં રોઝા કરવામાં આવે છે સાથે જ તારાવીહની ખાસ નમાઝ અદા કરવામાં આવે છે. આ ઉપરાંત ગરીબો અને જરૂરીયાતમંદોને અન્ન, વસ્ત્રો અને નાણાનું દાન કરવામાં આવે. રમઝાન માસમાં શબે કદ્રની એક રાત એવી આવે છે કે જેમાં કરવામાં આવતી ઈબાદત-પ્રાર્થના એક હજાર મહિનાની ઈબાદતનુ ફળ આપે છે.

વિકલાંગો માટે શૈક્ષણિક સંકુલોમાં તબક્કાવાર ટોઈલેટ બ્લોકનુ નિર્માણ કરાશે

સે-૧૫ ની વિજ્ઞાન અને આર્ટસ કોલેજમાં પણ નવા ટોઇલેટ બ્લોક બનાવાશે

ગાંધીનગર તા ૬

શહેરના શૈક્ષણિક સંકુલોમાં વિકલાંગો માટે નવા ટોઈલેટ બ્લોક બનાવવાનુ કામ હાથ ધરાશે. સે-૧૫ ની વિજ્ઞાન કોલેજ તેમજ આર્ટસ કોલેજમાં ટોઈલેટ બ્લોક બનાવાનુ કામ હાથ ધરાશે. સુગમ્ય ભારત યોજના અંતર્ગત આ નવા ટોઈલેટ બ્લોક બનાવાનુ કામ હાથ ધરવામાં આવશે. અગાઉ પણ શહેરની સરકારી પ્રાથમિક શાળામાં નવા ટોઈલેટ બ્લોકનુ નિર્માણ કરાયુ હતુ.

શહેરમાં સ્વચ્છ ભારત અન્વયે સફાઈ તરફ વિશેષ ધ્યાન કેન્દ્રીત કરવા માટે પણ આયોજન કરવામાં આવી રહ્યુ છે. જયારે જાહેરમાં થતી શૌચક્રીય અટકાવવા માટે પણ માર્ગ મકાન વિભાગ તેમજ કોર્પોરેશન દ્વારા નવા ટોઈલેટ બ્લોક બનાવવામાં આવ્યા છે. નગરના જાહેર સ્થળો પર ટોઈલેટ બ્લોકનો ઉપયોગ પણ આમ નાગરિકો દ્વારા કરવામાં આવે છે.

જો કે હજુ કેટલાક ઠેકાણે ટોઈલેટ બ્લોકને તાળા પણ જોવા મળી રહ્યા છે. જયારે વિકલાંક વ્યકિતઓને પણ ટોઈલેટ બ્લોકની યોગ્ય સુવિધા મળી રહે તે માટે પણ તબક્કાવાર સરકારી બિલ્ડીંગોમાં પણ ખુટતી વ્યવસ્થા કરવામાં આવી રહી છે. જેમાં નગરના શૈક્ષણિક સંકુલોમાં પણ વિકલાંગો માટે રેમ્પ સહીતના નવા ટોઈલેટ બ્લોક બનાવવા માટે ગત દિવસોમાં પણ કામ હાથ ધરાયુ હતુ. જેના અંતે સે-૨૦ પ્રાથમિક શાળામાં પણ અગાઉ વિકલાંગ વિદ્યાર્થીઓ માટે ટોઈલેટ બ્લોકનુ કામ હાથ ધરાયુ હતુ.

જયારે નગરની કોલેજોમાં પણ આ પ્રકારની વ્યવસ્થા કરવા માટે ટુંકમાં કામગીરી શરૂ કરાશે. જેમાં સે-૧૫ ની સાયન્સ કોલેજ તેમજ આર્ટસ કોલેજમાં પણ નવા વિકલાંગ માટેના ટોઈલેટ બ્લોકનુ નિર્માણ કરાશે. વિકલાંગો માટે ટોઈલેટ બ્લોક બનાવવા માટે તબક્કાવાર કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. આગામી દિવસોમાં બાકી રહેતા બિલ્ડીગોને પણ આ યોજના હેઠળ ટોઈલેટ બ્લોક બનાવવા આવરી લેવાશે.

ગાંધીનગર શહેરના હાર્દસમા સે. ૨૧માં નાગરિક પુરવઠા નિગમ સંચાલિત પેટ્રોલ પંપનું સંચાલન હવે એક સહકારી સંસ્થાને સોંપવાનો નિર્ણય લેવાયો છે. વયમર્યાદાને લઈ નિવૃત્ત થઈ રહેલા કર્મચારીઓની વિપરીત અસરો હવે તંત્ર પર પડતી દેખાઈ રહી છે. નફો રળી આપતા એકમોનું સંચાલન પણ સહકારી કે ખાનગી એજન્સીઓને સરકાર દ્વારા સોંપવામાં આવી રહ્યું છે. નવી ભરતની પ્રક્રિયા થતી નથી. બે દાયકા જેટલા લાંબા સંચાલન બાદ હવે પેટ્રોલ પંપનું સંચાલન સહકારી સંસ્થાને સોંપવાનો અભિગમ નગરમાં ચર્ચાનો મુદ્દો બન્યો હતો.

નળ સરોવર બાદ થોળ અભ્યારણ પણ સુકાયું

અમદાવાદ,તા.૬

કાળઝાળ ગરમીમાં ચાલુ વર્ષે પાણીની સમસ્યા સર્જાઈ છે. નબળા ચોમાસાના કારણે સરોવરો સુકા ભટ્ટ થઈ ગયા છે. ત્યારે થોળ પક્ષી અભ્યારણ્ય પણ આની ઝપેટમાં આવ્યું છે. અહીં અનેક પક્ષીઓ વસવાટ કરે છે. ત્યારે ગરમીના કારણે આ અભ્યારણ્ય તળીયા ઝાટક થયું છે.

નળ સરોવર બાદ થોળ પક્ષી અભ્યારણ પણ સુકાઈ ગયું છે. થોળ લેકમાં મિનિમમ ૧૦ ફૂટ જેટલું પાણી હોય છે પણ આ વર્ષે થોળ લેકમાં તળિયા સુકાઈ ગયા છે. અહીં મોટી સંખ્યામાં પક્ષીઓ ઉમટી પડતા હોય છે. જોકે તળાવ સુકાઈ જતાં પક્ષીઓએ પણ સ્થળાંતર કરી લીધું છે.

ગુજરાતમાં નળ સરોવર અને થોળ અભ્યારણ્ય પ્રથમ વાર સુકાવાની ઘટના સામે આવી છે. હજુ તો ઉનાળાના બે મહિના બાકી છે. ત્યારે નદી નાળા સુકાઈ જતાં જંગલી પશુઓને પણ ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. જોકે રાજ્ય સરકાર દ્વારા પાણીની કટોકટી વચ્ચે પક્ષીઓને પાણી મળી રહે તેવા પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે.

શહેરના પાણીના મહત્વના પ્રશ્નો અંગે મુખ્યમંત્રીકક્ષાએ અલગથી બેઠક યોજાશે

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગર શહેરમાં પાણીના પ્રશ્નો અંગે મહત્વના નીતિ વિષયકો નિર્ણયો સાથે પગલાં લેવા જરૂરી હોવાથી તે માટે અલગથી બેઠક યોજવામાં આવશે તેવા સંકેત રાજ્યના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ આજે રાજ્યના મહાનગરો સાથે પાણી અંગે યોજેલી બેઠકમાં આપ્યા હતા.

ગાંધીનગર શહેરમાં પાણીના થતા બગાડને લઈ પણ તેમણે ચિંતાની લાગણી વ્યક્ત કરી હતી તેમજ તંત્ર અસરકારક પગલાં લેવામાં નિષ્ફળ નિવડ્યુ હોવાથી નારાજગીના સંકેત પણ આપ્યા હતા.

આખા રાજ્યમાં ગાંધીનગર શહેરને અત્યારે માથાદીઠ સૌથી વધુ પાણીનો સપ્લાય આપવામાં આવી રહ્યો છે જે નોંધનીય છે.

સ્માર્ટસીટી પ્રોજેક્ટ અંતર્ગત ૨૪૮૭ પાણી આપવાના મુદ્દે મુખ્યમંત્રીએ આ માટેનો રોડમેપ તૈયાર કરવા ઉપરાંત રિ-ટ્રીરેડ વોટરની વધતી જતી માંગને લઈ તે દિશામાં કાર્યવાહી ઝડપી કરવાનું પણ સૂચવ્યુ હતુ.

આજે ગાંધીનગર ખાતે મળેલ આ બેઠકમાં શહેરના પાણીના પ્રશ્નો અંગે અલગથી બેઠક કરવાના મુખ્યમંત્રીના સંકેત પછી તંત્ર પણ ચિંતામાં ગરકાવ થઈ જવા પામ્યુ છે.

જો કે પાણીના મીટરો ક્યારથી લગાવવા, તે માટેના દર નિયત કરવા, આ માટે મીટર રિડરની ખાસ જગ્યાઓ ઉભી કરી ભરવીની પ્રક્રિયા કેવી રીતે કરવી સહિતના મુદ્દાઓ અંગે પણ તંત્ર દ્વારા પ્રાથમિક કવાયત એકાદ બે દિવસ પછી અર્થાત આચારસંહિતા પૂર્ણ થયા બાદ હાથ ધરવામાં આવશે.

પાણીનો બગાડ અટકાવવા માટે વિજીલન્સની ટીમો બનાવવાની કવાયત હાથ ધરવામાં આવી છે. હાલ શહેરમાં ૬૪ એમ.એલ.ડી. પાણીનો જથ્થો પુરો પાડવામાં આવી રહેલ છે.

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧
ફોન - ૨૩૨૩૭૫૭૧

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
BRIDGESTONE
apollo go the distance
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૯૭૭૩૪૧૭૮૩૮, ૮૧૪૦૪ ૬૦૭૬૭ (W)

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

info City Club & Resort
SUMMER CAMP
HURRY UP!! Starts 1st May, 2019
TENNIS GYM SWIMMING CRICKET
Following are the rates for summer camp - Starting from 1st May 2019 to 31st May 2019.
1. Swimming:- Rs 2000/ + 18% GST
Morning:- 8:00 am – 9:00 am
Evening:- 6:00 pm-7:00 pm
2. GYM :- Rs 1500 + 18% GST
Age : 10 years to 16 years
Evening:- 5:30 pm – 7:00 pm
3. Lawn Tennis:- Rs 1500 + 18% GST
Morning:- 8:00 am – 9:00 am
Evening: 6:00 pm- 7:00 pm
4. Cricket:- Rs 1500 + 18% GST
Age : 5 years to 13 years
Evening:- 5:30 pm – 7:00 pm
* Limited Batches
* Flexible Timing
If any parents/guardian would like to continue with the activities after the summer Camp, then they need to buy the membership of the club.
TRAINING AND GUIDANCE BY CERTIFIED COACHES
CALL : +91 96625 16115
Infocity Club & Resort, CH-0 Indroda Circle, S.G. Highway, Gandhinagar - 382 009.
www.infocityclub.net
" SAY NO TO TOBACCO "
* Terms & Conditions Apply

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com